GJGS080010452023

| | |
|---|---|
| દાખલ તારીખ | ૩૦/૧૧/૨૦૨૩ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૩૦/૧૧/૨૦૨૩ |
| ફેંસલ તારીખ | ૦૬/૦૪/૨૦૨૬ |
| સમય ગાળો | વર્ષ : માસ : દિવસ<br>૦૨ ૦૪ ૦૭ |

ગીરગઢડાના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ શ્રીની કોર્ટમાં, મુકામ.ગીરગઢડા

| ક્રિમીનલ કેસ નંબર. | ► | ૭૧૦/૨૦૨૩ | આંક | ► | |
|---|---|---|---|---|---|

| ફરિયાદી | | આરોપી |
|---|---|---|
| શ્રી સરકાર | વિ રૂ દ્ધ | (૧) રામજીભાઇ કાળાભાઇ વાજા,<br>(૨) શાંતુબેન વા/ઓ કાળાભાઇ દેવાભાઇ વાજા,<br>રે.બન્ને આકોલાલી, તા.ગીરગઢડા, જિ.ગીરસોમનાથ |

| | | |
|---|---|---|
| ગુન્હો | ⇨ | ઇ.પી.કો.કલમ – ૩૨૫, ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ... |

| | |
|---|---|
| ફરિયાદ પક્ષ... તરફે વિ.એ.પી.પી.શ્રી | એન.જે.જેઠવા |
| આરોપી પક્ષ... તરફે વિ.વકીલ શ્રી | આર.એ.હોથ |

## ◂◂ ચુકાદો ▸▸

| | |
|---|---|
| ગુન્હાની તારીખ :– | ૧૭/૦૬/૨૦૨૩ |
| એફ.આઇ.આર. તારીખ :– | ૧૭/૦૬/૨૦૨૩ |
| ચાર્જશીટ તારીખ :– | ૧૨/૦૯/૨૦૨૩ |
| તહોમતનામાની તારીખ :– | ૧૯/૧૨/૨૦૨૩ |
| પુરાવા શરૂ કર્યા તારીખ :– | ૧૮/૦૪/૨૦૨૪ |
| ચુકાદા પર લેવા માટેની તારીખ :– | ૨૭/૦૩/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ :– | ૦૪/૦૪/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ :– | – |

## –:: આરોપીની વિગત ::–

| આરોપી નં. | આરોપી નામ | અટક તારીખ | જામીન મુકત કર્યાની તારીખ | આક્ષેપાયેલ ગુનાની વિગત | નિર્દોષ / દોષીત | આપવા માં આવેલ સજા | ફો.કા.સં.કલમ–૪૨૮ અન્વયે ઇ.કા. ના સમયગાળા દરમ્યાન કરેલ અટકાયત નો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | રામજીભાઇ કાળાભાઇ વાજા | ૧૭/૦૬/૨૩ | ૧૯/૦૬/૨૩ | ઇ.પી.કો. કલમ– ૩૨૫, ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ | નિદોર્ષ | – | – |
| ૨ | શાંતુબેન વા/ઓ કાળાભાઇ દેવાભાઇ વાજા | ૨૩/૦૬/૨૩ | ૨૩/૦૬/૨૩ | ––''–– | નિદોર્ષ | – | – |

(૧).. વર્તમાન આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની ૧૮૬૦, કલમ– ૩૨૫, ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાઓનો આક્ષેપ છે.

(૨).. આ કામે ફરીયાદની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપીઓએ ગઇ તા.૧૭/૦૬/૨૦૨૩ ના રોજ કલાક ૦૮:૦૦ વાગ્યાના સમયે આંકોલાલી ગામે ધોળા નામની સીમ વાડીમાં આ કામના ફરીયાદીએ આરોપી નં.૧ રામજીભાઇ ને દવા છાંટવાનો પંપ આપેલ હોય અને ફરીયાદી પંપ માંગવા જતા આરોપી નં.૧ રામજીભાઇ એકદમ ઉશ્કેરાઇ જઇ ફરીયાદીને ભુંડી ગાળો બોલી અને પંપ નથી આપવો તેમ કહી જપાજપી કરી ફરીયાદોને લાકડાના ધોકા વડે શરીરે આડેધડ માર મારી જમણા હાથની કોણીના ભાગે ફ્રેકચર જેવી ઇજા કરી તેમજ સાહેદ લક્ષ્મીબેન છોડાવવા વચ્ચે પડતા આરોપી નં.૧ રામજીભાઇ સાહેદને લાકડી વડે શરીરે તથા માથાના ભાગે ઘા મારી માથાના ભાગે સાતેક ટાંકા જેવી ઇજા કરી આરોપી નં.ર નાઓએ પણ તેની પાસેથી લાકડી વડે ફરીયાદી તથા સાહેદને શરીરે આડેધડ મુંઢ માર મારીને કહેલ કે હવે પછીથી પંપ માંગવા આવશો તો જાનથી મારી નાખીશ તેમ ધમકી આપી એકબીજાને મદદગારી કરી જિલ્લા મેજી.સાહેબના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી એકબીજાને મદદગારી કરી ગુન્હો કરેલો. આમ, આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૨૫, ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો કરે લ હોવાનો આક્ષેપ છે .

(૩).. પોલીસ અહેવાલ રજુ થતાં, આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૨૫, ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હાઓ અંગેનું સંજ્ઞાન લઇ, કલમ–૨૦૪ અન્વયે સમન્સ કરતાં, હાજર થતાં, કલમ– ૨૦૭ મુજબ પોલીસ અહેવાલ તથા

અન્ય દસ્તાવેજોની નકલ મળી ગયા અંગેની ખાત્રી કર્યા બાદ, આંક–૦૫ થી તહોમતનામું ફરમાવતાં આરોપીએ ગુનાનું ઈન્કાર કરતું નિવેદન આંક–૦૬ થી ૦૭ સુધીના આપી ગુન્હા અંગેનો ઈન્કાર કરેલ છે. જેથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૨ મુજબ ફરીયાદપક્ષના પુરાવા માટે તારીખ નિયત કરી કાયદા મુજબ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪).. આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે .

**// મૌખિક પુરાવો //**

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી ઘેલાભાઇ નારણભાઇ વાજા ની સોગંદ ઉપરની જુબાની | ૧૧ |
| ૨ | પંચ સાહેદ કનુભાઇ ભીખાભાઇ વાજા ની સોગંદ ઉપરની જુબાની | ૧૪ |
| ૩ | પંચ સાહેદ ભાવેશભાઇ વીરાભાઇ ચુડાસમા ની સોગંદ ઉપરની જુબાની | ૧૬ |
| ૪ | પંચ સાહેદ કનુભાઇ નાનુભાઇ વાજા ની સોગંદ ઉપરની જુબાની | ૧૭ |
| ૫ | પંચ સાહેદ ભાવસીંગભાઇ કાળુભાઇ વાજા ની સોગંદ ઉપરની જુબાની | ૧૯ |
| ૬ | સાહેદ લક્ષ્મીબેન ઘેલાભાઇ વાજા ની સોગંદ ઉપરની જુબાની | ૨૦ |
| ૭ | સાહેદ સાંકળુબેન મુકેશભાઇ વાજા ની સોગંદ ઉપરની જુબાની | ૨૧ |
| ૮ | સાહેદ મંજુબેન નાનજીભાઇ વાજા ની સોગંદ ઉપરની જુબાની | ૨૨ |
| ૯ | પંચ સાહેદ રમેશભાઇ મોહનભાઇ કાકડીયા ની સોગંદ ઉપરની જુબાની | ૨૩ |
| ૧૦ | પંચ સાહેદ મયુશભાઇ નાનુભાઇ વાઘેલા ની સોગંદ ઉપરની જુબાની | ૨૫ |
| ૧૧ | ડોકટર નીહારીકાબેન રાજેશભાઇ વાડોદરીયા ની સોગંદ ઉપરની જુબાની | ૨૮ |
| ૧૨ | ડોકટર રસીકભાઇ મગનભાઇ વઘાસીયા ની સોગંદ ઉપરની જુબાની | ૩૨ |
| ૧૩ | ત.ક.અ. જગદીશભાઇ ગાંગાભાઇ સોસા ની સોગંદ ઉપરની જુબાની | ૩૫ |

**// દસ્તાવેજી પુરાવો //**

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૧૨ |
| ૨ | બનાવવાળી જગ્યાનું પંચનામું | ૧૫ |
| ૩ | આરોપીનું શરીર સ્થીતીનું તથા મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું | ૧૮ |
| ૪ | ઈજા પામનારનું શરીર સ્થીતીનું પંચનામું | ૨૪ |
| ૫ | સારવાર સર્ટીફીકેટ | ૨૯, ૩૦ |
| ૬ | સારવાર સર્ટીફીકેટ | ૩૩, ૩૪ |
| ૭ | ડી.ઓ. લેટર | ૩૬ |
| ૮ | તપાસ સોપ્યાનો હુકમ | ૩૭ |
| ૯ | હથીયારબંધીનું જાહેરનામું | ૩૮ |

(૫).. ત્યારબાદ ક્રિ. પ્રો. કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનુ વધારાનુ નિવેદન લેવા જેટલો જરૂરી પુરાવો રેકર્ડ ઉપર ઉપલ્બધ હોઈ વધારાનું નિવેદન લેવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, ''અમો સાવ નિર્દોષ છીએ આવો કોઇ ગુનો નથી. અમોને આ ગુનામાં ખોટી રીતે સંડોવી દીધેલ છે. આવો કોઈ બનાવ બનેલ નથી અમો નિર્દોષ છીએ અમારી ઉપર રહેમ રાખી અમોને છોડી મુકવા અરજ છે. '' તેમજ તેઓને બચાવપક્ષના સાહેદો તપાસવા નથી અને સોંગદ ઉપર જુબાની આપવી નથી તેમ જણાવેલ છે.

(૬).. આ કામે સરકાર પક્ષે વિ.એ.પી.પી.શ્રીની અને આરોપીપક્ષે વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવી.

(૭).. આ કામે કેસનો ન્યાયી નિર્ણય કરવા માટે નીચેના મુદ્દા મારી સમક્ષ ઉપસ્થિત થાય છે .

--// **<u>મુ દ્દા</u>** //--

(૧) શું ફરિયાદપક્ષ વાજબી શંકાથી પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ ગઇ તા.૧૭/૦૬/૨૦૨૩ ના રોજ કલાક ૦૮:૦૦ વાગ્યાના સમયે આંકોલાલી ગામે ધોળા નામની સીમ વાડીમાં આ કામના ફરીયાદીએ આરોપી નં.૧ રામજીભાઇ ને દવા છાંટવાનો પંપ આપેલ હોય અને ફરીયાદી પંપ માંગવા જતા આરોપી નં.૧ રામજીભાઇ એકદમ ઉશ્કેરાઇ જઇ ફરીયાદીને ભુંડી ગાળો બોલી અને પંપ નથી આપવો તેમ કહી જપાજપી કરી ફરીયાદોને

લાકડાના ધોકા વડે શરીરે આડેધડ માર મારી જમણા હાથની કોણીના ભાગે ફ્રેકચર જેવી ઈજા કરી તેમજ સાહેદ લક્ષ્મીબેન છોડાવવા વચ્ચે પડતા આરોપી નં.૧ રામજીભાઈ સાહેદને લાકડી વડે શરીરે તથા માથાના ભાગે ઘા મારી માથાના ભાગે સાતેક ટાંકા જેવી ઈજા કરી આરોપી નં.ર નાઓએ પણ તેની પાસેથી લાકડી વડે ફરીયાદી તથા સાહેદને શરીરે આડેધડ મુંઢ માર મારીને કહેલ કે હવે પછીથી પંપ માંગવા આવશો તો જાનથી મારી નાખીશ તેમ ધમકી આપી એકબીજાને મદદગારી કરી જિલ્લા મેજી.સાહેબના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી એકબીજાને મદદગારી કરી ગુન્હો કરી ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૨૫, ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કર્યો છે?

(૨) શું હુકમ ?

(૮).. ઉપરોકત મુદ્દાના ન્યાયી નિર્ણયના જવાબ નીચે મુજબ થાય છે .

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

–// **કા ર ણો** //–

<u>**મુદ્દા નંબર–૧**</u> **:–**

(૯).. ક્રિમીનલ જસ્ટીસ ડીલેવરી સિસ્ટમ મુજબ ફરીયાદપક્ષે આરોપી સામે મુકવામાં આવેલ તહોમત બીયોન્ડ રીઝનેબલ ડાઉટ યોગ્ય અને નિઃશંક પુરાવો રજુ કરીને પુરવાર કરવાનુ હોય છે. ટુંકમાં આરોપી દોષિત છે તેવો પુરતો અને વિશ્વસનીય પુરાવો રજુ કરીને ફરીયાદપક્ષે પુરવાર કરવાનુ હોય છે. આરોપી નિર્દોષ છે તેવુ આરોપીએ પુરવાર કરવાનુ હોતુ નથી. એમ કહી શકાય કે ફોજદારી મુકદ્દમામાં આરોપીએ પોતાની નિર્દોષતા પુરવાર કરવાની હોતી નથી. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ આરોપીને દોષિત ન ઠરાવવામાં આવે ત્યાં સુધી તે નિર્દોષ છે તેવી ધારણા કરીને અદાલતે ચાલવાનું હોય છે અને નામદાર કોર્ટ દ્વારા બાંધવામાં આવેલ આ અનુમાનને ખંડન ફરીયાદપક્ષે યોગ્ય, પુરતો ને વિશ્વસનીય પુરાવો રજુ કરીને કરવાનું હોય છે. ફરીયાદપક્ષના રજુ થયેલ પુરાવામાં એકાદ કડી પણ પુરવાર કરવાનું ફરીયાદપક્ષ ચુકે તો તેવી સ્થિતિનો લાભ બચાવપક્ષને

મળવાપાત્ર થાય છે અને તે સંજોગોમાં આરોપી દોષમુકિત અગર બેનીફીટ ઓફ ડાઉટ મેળવવા હકકદાર થાય છે . "પુરાવાનુ મુલ્યાંકન" શબ્દ ભારતીય પુરાવા અધિનિયમમાં કોઈ પણ સ્થાને વ્યાખ્યાયીત કરવામાં આવેલ નથી. "પુરાવાનું મુલ્યાંકન" ફકત અને ફકત ભારતીય પુરાવા અધિનીયમ કલમ–૩ માં દર્શાવેલ PROVED અને NOT PROVED શબ્દો ઉપર અવલંબે છે. કોઈ હકીકતનું અસ્તિત્વ સાબિત માનવુ કે બિનઅસ્તિત્વ સાબિત માનવુ તે મુલ્યાંકનનો વિષય છે. આ પૂર્વભુમિકા સંદર્ભે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાનુ મુલ્યાંકન કરી ફરીયાદપક્ષ આરોપી સામેના તહોમત કે તે પૈકીનું કોઈ પણ તહોમત નિઃશંકપણે પુરવાર કરી શકેલ છે કે કેમ? તે અંગે નિર્ણય કરવાનો રહે છે.

(૧૦).. ફરીયાદપક્ષે આરોપી સામેના આક્ષેપ મુજબનો કેસ પુરવાર કરવા માટે આંક– ૧૧ થી ફરીયાદી ઘેલાભાઇ નારણભાઇ વાજા ને સોગંદ ઉપર તપાસેલા છે . તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, '' આ કામના આરોપીઓ અમારા સગા થતા હોવાથી તેઓને ઓળખું છું. બનાવ તા.૧૭/૦૬/૨૦૨૩ ના રોજ સવારના આઠ વાગ્યે બનેલ. બનાવ સમયે હું તથા મારા પત્ની તથા મારો દિકરો વિગેરે વાડીએ હાજર હતા ત્યારે છોકરાને દવા છાંટવાનો પંપ લેવા માટે આ કામના આરોપી રામજીભાઈ પાસે મોકલેલો તે વખતે આ કામના આરોપી રામજીભાઈએ પંપ આપેલો નહી જેથી હું પંપ લ ેવા ગયેલો તે વખતે આ કામના આરોપીઓએ મને ભુંડી ગાળો આપવા લાગેલા અને તે દરમ્યાન રામજીભાઈએ મને બડીયાથી માર મારવા લાગેલા અને મારા પત્ની મને છોડાવવા આવેલા તો આ કામના આરોપી રામજીભાઈ તથા શાંતુબેનનાઓએ મારા પત્નીને પણ બડીયાથી માર મારવા લાગેલા અને તેમાં મને જમણાં હાથમાં ઈજાઓ થવાથી ફ્રેકચર થયેલું અને મારા પત્નીને માથાના ભાગે ઈજાઓ થયેલી. ત્યાર બાદ અમો અમારા ઘરે ગયેલા અને ૧૦૮ બોલાવી અને સરકારી દવાખાને ગીર ગઢડા ખાતે ગયેલા અને ત્યાંથી ઉના પ્રાઈવેટ હોસ્પીટલ વઘાસીયામાં ગયેલા. બનાવની ફરીયાદ વઘાસીયા હોસ્પીટલમાં સારવાર દરમ્યાન પોલીસવાળા

આવતા મે બનાવની ફરીયાદ આપેલી. જે ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવી આંક–૧૨ થી રજુ કરેલ છે. બનાવનું કારણ દવા છાંટવાનો પંપ રામજીભાઈ પાસે લેવા ગયેલા જેથી આ બનાવ બનેલો. મને આજરોજ નામદાર કોર્ટ રૂબરૂ મુદ્દામાલ એમ.આર.નં.૦૫/૨૦૨૪ વાળો બડીયો બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે તે બડીયો તે જ છે જેના દ્રારા મને તથા મારા પત્નીને માર મારવામાં આવેલો જે હું ઓળખી બતાવું છું. ''

પરંતુ બચાવ પક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવે છે કે, '' એ વાત ખરી છે કે મારી તથા આરોપીઓની જમીન બાજુ બાજુમાં આવેલ છે. એ વાત ખરી છે કે ત્યા રસ્તો હોવાથી માણસોની અવર જવર રહે છે. એ વાત ખરી છે કે હાલમાં અમો તથા આરોપીઓ પોત પોતાના ખેતરમાં ખેતીકામ કરીએ છીએ. એ વાત ખરી છે કે અમારી જમીનની બાજુમા અમારા બીજા કાકા બાપાની જમીન પણ આવેલી છે. એ વાત ખરી છે કે અમારી તથા અમારા કાકા દાદાની બધી જમીન વચ્ચે બે કુવા આવેલા છે અને તે બંને કુવામાંથી વારા ફરતી બધા લોકો પાણી લે છે. એ વાત ખરી છે કે હું દારૂ પીવાની ટેવવાળો છું. એ વાત ખરી નથી કે હું જયારે દારૂ પીય જાવ ત્યારે પાણીના વારા બાબતે જગડા કરું છું. એ વાત ખરી નથી કે મારા વિરૂધ્ધ દારૂના કેસો થયેલા છે. હવે હું કહું છું કે મારા વિરૂધ્ધ દારૂનો એક કેસ થયેલો અને મે કબુલ કરેલો. એ વાત ખરી નથી કે મે દારૂ પીધેલ હોય તેની માહીતી મારા કાકીએ પોલીસને આપેલી તેથી મારે તેમની સાથે જગડો ચાલ ` છે. એ વાત ખરી નથી કે કુવામાંથી પાણી લેવા બાબતે પણ મારે આરોપીઓ સાથે જગડો ચાલે છે. એ વાત ખરી નથી કે પાણીના વારા બાબતે પણ અવાર નવાર જગડા થાય છે. બનાવ સમયે અમો બેભાન થઈ થયેલા અને અમો દિઆથમ્યાના સમયે ભાનમાં આવેલા. એ વાત ખરી નથી કે અમોને તે જ દિવસે સારવાર આપી ડિસ્ચાર્જ કરેલા. એ વાત ખરી નથી કે દવાખાને ઉના મુકામે મારા ભાઈ મારી સાથે આવેલા. એ વાત ખરી

છે કે દવાખાને મારા નાનાભાઈના પત્ની આવેલ હતા. એ વાત ખરી નથી કે દવાખાને પોલીસ આવી ત્યારે મારા નાનાભાઈના પત્નીએ પોલીસ સાથે બનાવની વાત કરેલી. એ વાત ખરી નથી કે ત્યાર બાદ તૈયાર ફરીયાદમાં મે માત્ર સહી કરેલી. એ વાત ખરી નથી કે આ કામના આરોપીઓએ મને કોઈ ગાળો આપેલ હોય કે માર મારેલ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી નથી કે મે આરોપીઓને પંપ આપેલ હોય અને અમો લેવા ગયેલા હોય તેવું પણ બનેલ નથી. એ વાત ખરી નથી કે કહેવાતો બનાવ બનેલો જ નથી. એ વાત ખરી નથી કે હું તથા મારા પત્ની વાડીએ જતા હોય અને ગાડી સ્લીપ થઈ જતા અમો પડી જવાથી ઈજા થયેલી. એ વાત ખરી નથી કે આરોપીઓ સાથે પાણી વાળવા બાબતે જગડો ચાલતો હોય ખોટી ફરીયાદ કરેલ છે અને તેના સમર્થનમાં આજરોજ ખોટી જુબાની આપું છું. એ વાત ખરી નથી કે મારા વકીલશ્રીએ મને જુબાની આપતા પહેલા બધુ સમજાવેલું. ''

(૧૧).. વધુમાં ફરીયાદપક્ષે પંચસાહેદ ને આંક–૧૪, ૧૬, ૧૭, ૧૯, ૨૩, ૨૫ થી જુબાની જોતા તેઓ આંક–૧૫, ૧૮, ૨૪ ના પંચનામાની હકીકતોને સમર્થન કરતા નથી. તેમની વિદ્વાન એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલી ઉલટ તપાસમાં ફરિયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવતા નથી. તેમજ આરોપીપક્ષ દવારા કરવામાં આવેલી ઉલતપાસ માં પણ ફરીયાદપક્ષના કે સને મદદરુપ થઇ શકે તેવો પુરાવો આપેલ નથી.આમ, સદર પંચસાહેદના પુરાવાથી સદર પંચનામુ પુરવાર થતુ નથી.

(૧૨).. વધુમાં ફરીયાદપક્ષે આંક– ૨૦ થી સાહેદ લક્ષ્મીબેન ઘેલાભાઇ વાજા ને સોગંદ ઉપર તપાસેલા છે . તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, '' આ કામના આરોપીઓ અમારા સગા થતા હોવાથી તેઓને ઓળખું છું. આ કામના ફરીયાદી મારા પતિ થાય છે. બનાવ તા.૧૭/૦૬/૨૦૨૧ ના રોજ સવારના સાત વાગ્યે અમે અમારા ખેતરે હાજર હતા ત્યારે મારા પતિ તથા મારો દિકરો વિગેરે વાડીએ હાજર હતા ત્યારે છોકરાને દવા છાંટવાનો

પંપ લેવા માટે આ કામના આરોપી રામજીભાઈ પાસે મોકલેલો તે વખતે આ કામના આરોપી રામજીભાઈએ પંપ આપેલો નહી જેથી મારા પતિ પંપ લેવા ગયેલા તે વખતે આ કામના આરોપીઓએ મારા પતિને ભુંડી ગાળો આપવા લાગેલા અને તે દરમ્યાન રામજીભાઈએ મારા પતિને લાકડીથી માર મારવા લાગેલા અને હું મારા પતિજે છોડાવવા ગયેલ તો આ કામના આરોપી રામજીભાઈ તથા શાંતુબેનનાઓએ મને પણ લાકડીથી માર મારવા લાગેલા અને તેમાં મને માથાના ભાગે ઈજા થયેલી અને મારા પતિને જમણાં હાથમાં ઈજાઓ થવાથી ફ્રેકચર થયેલું. ત્યાર બાદ અમો અમારા ઘરે ગયેલા અને ૧૦૮ બોલાવી અને સરકારી દવાખાને ગીર ગઢડા ખાતે ગયેલા અને ત્યાંથી ઉના પ્રાઈવેટ હોસ્પીટલ વઘાસીયામાં ગયેલા.પોલીસે મારો જવાબ લીધેલો. બનાવનું કારણ દવા છાંટવાનો પંપ રામજીભાઈ પાસે લેવા ગયેલા જેથી આ બનાવ બનેલો. મને આજરોજ નામદાર કોર્ટ રૂબરૂ મુદ્દામાલ એમ.આર.નં.૦૫/૨૦૨૪ વાળો બડીયો–લાકડી બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે તે તે જ છે જેના દવારા મને તથા મારા પતિને માર મારવામાં આવેલો જે હું ઓળખી બતાવું છું. ''

પરંતુ બચાવ પક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવે છે કે, '' એ વાત ખરી છે કે અમારી તથા આરોપીઓની જમીન બાજુ બાજુમાં આવેલ છે. એ વાત ખરી છે કે આરોપીઓ અમારા કુટુંબી થતા હોવાથી તેમને ઓળખું છું. એ વાત ખરી છે કે ત્યા રસ્તો હોવાથી માણસોની અવર જવર રહે છે. એ વાત ખરી છે કે હાલમાં અમો તથા આરોપીઓ પોત પોતાના ખેતરમાં ખેતીકામ કરીએ છીએ. એ વાત ખરી છે કે અમારી તથા અમારા કાકા દાદાની બધી જમીન વચ્ચે બે કુવા આવેલા છે અને તે બંને કુવામાંથી વારા ફરતી બધા લોકો પાણી લે છે. એ વાત ખરી નથી કે અમારે કુવામાંથી પાણી લેવા બાબતે આરોપીઓ સાથે તકરાર ચાલે છે. એ વાત ખરી છે કે અમારે આરોપીઓ સાથે અવાર નવાર જગડા થાય છે. એ વાત ખરી

નથી કે મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવું લખાવેલ નથી કે રામજીભાઈ તથા શાંતુબેને મને લાકડીથી માર મારેલ. એ વાત ખરી નથી કે અમો નાનજીભાઈના ઘરે ગયેલા. એ વાત ખરી નથી કે નાનજીભાઈ સાથે ચર્ચા થયા મુજબ તેઓના કહેવાથી અમો દવાખાને ગયેલા. એ વાત ખરી નથી કે મારા પતિ દારૂની ટેવવાળા છે. એ વાત ખરી નથી કે આ કામના આરોપીઓએ મને કોઈ ગાળો આપેલ હોય કે માર મારેલ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી નથી કે હું આજરોજ કોર્ટમાં ખોટી રીતે મુદ્દામાલ ઓળખી બતાવું છું. એ વાત ખરી નથી કે કહેવાતો બનાવ બનેલો જ નથી. એ વાત ખરી નથી કે હું તથા મારા પતિ વાડીએ જતા હોય અને ગાડી સ્લીપ થઈ જતા અમો પડી જવાથી ઈજા થયેલી. એ વાત ખરી નથી કે આરોપીઓ સાથે પાણી વાળવા બાબતે જગડો ચાલતો હોય તેથી મારા પતિએ ખોટી ફરીયાદ કરેલ છે અને તેના સમર્થનમાં આજરોજ ખોટી જુબાની આપું છું. એ વાત ખરી નથી કે મે પ્રાઈવેટ વકીલ રોકેલા છે મારા પતિએ રાખેલ હોય તેની મને ખબર નથી. ''

(૧૩).. વધુમાં ફરીયાદપક્ષે આંક– ૨૧ થી સાહેદ સાંકળુબેન મુકેશભાઈ વાજા ને સોગંદ ઉપર તપાસેલા છે . તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, ''આ કામના આરોપીઓ અમારા સગા થતા હોવાથી તેઓને ઓળખું છું. આ કામના ફરીયાદી મારા જેઠ થાય છે. બનાવ આજથી આશરે એક વર્ષ પહેલા બનેલો. બનાવના દિવસે હું મારી વાડીએ હતી અને બનાવ સવારના આઠ વાગ્યે બનેલો. બનાવમાં આરોપી રામજીભાઈ અને શાંતુબેન મારા જેઠ ઘેલાભાઈ તથા જેઠાણી લક્ષ્મીબેન બડીયાથી માર મારતા હતા જેથી હું તેઓને વધુ મારથી બચાવવા વચ્ચે પડી છોડાવેલ અને ઘેલાભાઈએ ૧ ૦૮ એમ્બ્યુલન્સને ફોન કરેલો. ઘેલાભાઈને પગમાં લાગેલું અને લક્ષ્મીબેનને માથાના ભાગે લાગેલું. ઘેલાભાઈએ મને કોઈ બનાવવાળી વાત કરેલ નહી. પોલીસે મારો જવાબ લીધેલો. બનાવ બન્યા બાદ પોલીસ બનાવવાળી

જગ્યાએ લઈ ગયેલી અને બનાવ વિશે મારી પુછપરછ કરેલી. મને આજરોજ મુદ્દામાલ હથીયાર એમ.આર.નં.૦૫/૨૦૨૪ વાળો બડીયો–લાકડી બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે તે બડીયો(લાકડી) તે નથી જેના ધ્વારા આરોપીઓએ ઘેલાભાઈને માર મારેલો હોય. ''

પરંતુ બચાવ પક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવે છે કે, ''એ વાત ખરી છે કે આરોપીઓ અમારા કુટુંબી થતા હોવાથી તેમને ઓળખું છું. એ વાત ખરી છે કે અમારી જમીન તથા આરોપીઓની જમીન તથા ફરીયાદીની જમીન બાજુબાજુમાં આવેલી છે. એ વાત ખરી છે કે ત્રણેય જમીન વચ્ચે સંયુકત કુવો આવેલો છે. એ વાતની મને ખબર નથી કે પાણી વાળવા બાબતે આરોપીઓ અને ફરીયાદી વચ્ચે અવાર નવાર જગડાઓ થાય છે. એ વાત ખરી છે કે જમીનનો રસ્તો કાચો છે અને ત્યાં માણસોની અવર જવર રહે છે. એ વાતની મને ખબર નથી ફરીયાદી દારૂ પીવાની ટેવવાળા છે. એ વાત ખરી નથી કે બનાવ મે નજરે જોયેલ નથી. એ વાત ખરી નથી કે બનાવ વિશે મને ઘેલાભાઈ મને વાત કરેલી એટલે મને ખબર પડેલી. એ વાત ખરી છે કે મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવું લખાવેલ છે કે બનાવ વિશે મને ઘેલાભાઈ વાત કરેલી સાહેદ સ્વેચ્છા એ જણાવે છે કે બનાવ બન્યા બાદ મને વાત કરેલી. એ વાત ખરી નથી કે ઘેલાભાઈ વાડીએ જતા હોય અને ગાડી સ્લીપ થઈ જતા તેઓ પડી જવાથી ઈજા થયેલી. એ વાત ખરી નથી કે આવો કોઈ બનાવ બનેલ નથી અને મે કોઈ બનાવ નજરે જોયેલ નથી અને ફરીયાદીની ખોટી ફરીયાદના સમર્થનમાં આજરોજ ખોટી જુબાની આપું છું. ''

(૧૪).. વધુમાં ફરીયાદપક્ષે આંક– ૨૨ થી સાહેદ મંજુબેન નાનજીભાઈ વાજા ને સોગંદ ઉપર તપાસેલા છે . તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, '' આ કામના આરોપીઓ અમારા સગા થતા હોવાથી તેઓને ઓળખું છું. આ કામના ફરીયાદી મારા દિયર થાય છે. બનાવ આજથી આશરે એક વર્ષ પહેલા

બનેલો. બનાવના દિવસે હું મારા ઘરે હતી ત્યાંથી વાડીએ જતી તે વખતે મને જાણવા મળેલ કે આરોપીઓ અને મારા દિયર ઘેલાભાઈ સાથે જગડો થયેલો અને ઘેલાભાઈને દવાખાને દાખલ કરેલા અને જેથી ઘેલાભાઈની ખબર પુછવા દવાખાને ગયેલી. બનાવ વિશે મને કોઈ માહીતી નથી. પોલીસે મારો જવાબ લીધેલો નહી.''

સદર સાહેદ ફરીયાદની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી. શ્રી ધ્વારા સદર ફરીયાદીને ફરી ગયેલા ફરીયાદી તરીકે જાહેર કરી ઉલટ–તપાસ કરતાં ઉલટ તપાસમાં જણાવે છે કે,''એ વાત ખરી છે કે બનાવ વિશે મને કોઈ જાત માહીતી નથી અને બનાવ મે નજરે જોયેલ નથી. પોલીસે મારું કોઈ નિવેદન લીધેલ નથી. ''

(૧૫).. વધુમાં ફરીયાદપક્ષે આંક– ૨૮ થી સાહેદ ડોકટર નીહારીકાબેન રાજેશભાઇ વાડોદરીયા ને સોગંદ ઉપર તપાસેલા છે . તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, '' ગઈ તા.૧૭/૦૬/૨૦૨૩ ના રોજ હું ગીરગઢડા સરકારી હોસ્પીટલમાં મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવતી હતી તે દરમ્યાન સવારના ક.૦૯:૩૦ વાગ્યે ઘેલાભાઈ નારણભાઈ વાજા ઉ.વ.૪૦, રહે.આંકોલાલી .તા.ગીરગઢડા તથા લક્ષ્મીબેન ઘેલાભાઈ વાજા ઉ.૩૫,રે–આંકોલાલી,તા.ગીરગઢડા થી પોલીસ યાદી વગર સારવાર માટે મારી પાસે આવેલા મે તેઓને હીસ્ટ્રી પૂછતા જણાવેલ કે મારા મારીમા ઈજા થયેલાનુ જણાવેલ. તેવું જણાવતા મે ઘેલાભાઈ નારણભાઈ વાજા ને તપાસતા નીચે મુજબની ઈજાઓ માલુમ પડેલ. (૧) તેઓને ડાબા પગમા ધુટણથી નીચે ૨.૨ ની સે.મી ની છોલાણની ઈજા થયેલ. (૨) તેઓના ડાબા ખભા તથા કોણીના સાંધાના ભાગે અડવાથી દુખતુ હતુ. (૩) તેઓને ખંભા તથા કોણીના ભાગ સુધી હલન ચલન દુખાવાના લીધે ઓછી થઈ ગયેલ હતી અને તેઓને તપાસતા ફ્રેકચર હોવાની શકયતા જણાઈ આવતા તેઓને હાયર સંટરમા રીફર કરેલા.

મે લક્ષ્મીબેન ઘેલાભાઈ વાજા ને તપાસતા નીચે મુજબની ઈજાઓ માલુમ પડેલ. (૧) તેઓને જમણી બાજુ માથાના ભાગ્રૂ ૨ સે.મી. કુટ પડી ગયેલ. (૨) તેઓના ડાબી બાજુના થાપાના ભાગે અડવાથી દુખતુ હતુ. ઉપરોકત બંને દર્દીઓની શારિરીક તપાસ કરતા ઉપરોકત ઈજાઓ તીક્ષ્ણ હથીયાર તથા બોથડ પદાર્થ સાથે અથડાવાથી થઈ શકે તેવી હતી. મે તેમને સારવાર આપી વધુ સારવાર માટે હાયર સેંટરમા રીફર કરેલા. મે દર્દીઓને મારા હસ્તાક્ષરમાં સારવાર સર્ટી આપેલું અને આજરોજ ઓનલાઈન ઝુમ એપ્લીકેશનથી મે બનાવ વખતે દર્દીને સારવાર આપેલી તેની વીગતો ઉપરોકત જણાવ્યા મુજબની મારા હસ્તાક્ષરમા લખી મારી સહી કરેલ તે પૈકી ઘેલાભાઈનુ સારવાર સર્ટી તથા લક્ષ્મીબેનનુ સારવાર સર્ટીફીકેટ માં પોતાની સહી ઓળખી બતાવી આંક–૨૯ થી ૩૦ ના રજુ કરેલ છે.''

પરંતુ બચાવ પક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવે છે કે, '' એ વાત ખરી છે કે સારવાર સર્ટીમા દર્દીની હીસ્ટ્રી લખેલી નથી સાહેદ જણાવે છે કે કેસ રેકર્ડમા લખવાની હોય છે.એ વાત ખરી નથી કે તમામ ઈજાઓ સાદા પ્રકારની હતી. એ વાત ખરી છે કે સર્ટીફીકેટમા ઈજાનો કલર તથા ઉમર જણાવેલ નથી. એ વાત ખરી છે કે કોઈ વ્યકિત બાઈક ઉપર જતો હોય અને બાઈક સ્લીપ થાય અને પડી જાય તો આ પ્રકારની ઈજાઓ થઈ શકે તેવી હતી.''

(૧૬).. વધુમાં ફરીયાદપક્ષે આંક– ૩૨ થી સાહેદ ડોકટર રસીકભાઈ મગનભાઈ વઘાસીયા ને સોગંદ ઉપર તપાસેલા છે . તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, ''હુ છેલ્લા ૨૫–વર્ષ થી ઉના ખાતે માનવદિપ સર્જીકલ હોસ્પીટલ ચલાવુ છુ. ગઈ તા.૧૭/૦૬/૨૦૨૩ ના રોજ હું મારા દવાખાને ફરજ પર હાજર હતો તે દરમ્યાન દર્દી (૧) લક્ષ્મીબેન ઘેલાભાઈ વાજા ઉ.વ.૩૫ રે.આં કોલાળી ગામ તથા (૨) ઘેલાભાઈ નારણભાઈ વાજા ઉ.વ.૪૦ રે.આં કોલાળી ગામ ના દર્દીઓ સવારે ૧૧:૦૦ વાગ્યાની આસપાસ સરકારી

હોસ્પીટલ ગીરગઢડાથી પ્રાથમિક સારવાર લઈ વધારાની સારવાર અર્થે મારી હોસ્પીટલમાં આવેલ મે તેઓને હીસ્ટ્રી પુછતા તેઓ બન્નેએ જણાવેલ કે, અમારી વાડી પર કામ કરતા હતા ત્યારે રામજીભાઈ કાળા અને એમના સાથીદારો આવી અને મારામારી કરેલી અને મારામારી દરમ્યાન તેમને ઈજાઓ થયેલી. મે લક્ષ્મીબેન ઘેલાભાઈ વાજા ને તપાસતા નીચે મુજબની ઈજાઓ માલુમ પડેલ. (૧) તેઓને માથાના ડાબા ભાગ ઉપર છુંદાયેલો કપાયેલો ઘા ૧૦ × ૩ × ૨ સે.મી. નો જોવા મળેલ અને ઘા માંથી લોહી નીકળતુ હતુ અને તપાસતા માથાનું હાડકુ ફ્રેકચર થયેલ જણાયેલ નહી. (૨) તેઓને ૫×૩ સે.મી. નુ મુંઢમાર જમણી બાજુનાં ખભાના પાછળની ભાગે જોવા મળેલ. મે  ઘેલાભાઈ નારણભાઈ વાજા ને તપાસતા નીચે મુજબની ઈજાઓ માલુમ પડેલ. (૧) તેઓને જમણી બાજુના કોણી અને હાથના ઉપરના ભાગે સોજો હતો સાથે દુખાવો અને કોણીના સાંધાની મુવમેન્ટ બંધ હતી. તેમને દબાવતા તેમાંથી કરકસ અવાજ આવતો હતો જે દર્શાવતુ હતુ કે અંદરનુ હાડકાનું ફ્રેકચર હોય શકે. (૨) તેઓને ૪ × ૨ સેમી. નો મુંઢમાર વાસા ઉપર હતો મે તેમને વધુ સારવાર માટે ઓર્થોપેડીક સર્જન પાસે રીફર કરેલા. ઉપરોકત દર્દીઓને થયેલ ઈજાઓ બોથડ પદાર્થ લાગવાથી થઈ શકે તે પ્રકારની ઈજાઓ હતી. મે દર્દીઓને ઉપરોકત વર્ણવ્યા મુજબની વિગતો વાળુ મારા હસ્તાક્ષરમાં સારવાર સર્ટી આપેલું જેમાં પોતાની સહી ઓળખી બતાવી આં ક–૩૩ થી ૩૪ સુધીના રજુ કરેલ છે. ''

પરંતુ બચાવ પક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવે છે કે, '' હુ છેલ્લા ૨૫–વર્ષથી ડોકટર તરીકે ફરજ બજાવુ છુ.  એ વાત ખરી છે કે, ઉપરોકત ઈજાઓ ગંભીર પ્રકારની ન હતી.  એ વાત ખરી નથી કે, હીસ્ટ્રી દર્દીઓએ નહી પરંતુ તેની સાથે આવેલા સગા વ્હાલાએ લખાવેલ.  એ વાત ખરી છે કે, કોઈ વ્યકિત પડી જાય તો આ પ્રકારની ઈજાઓ થઈ શકે.

એ વાત ખરી નથી કે, હીસ્ટ્રીમાં કયા આરોપીએ કયા હથીયારથી માર મારેલ છે તે જણાવેલ નથી. એ વાત ખરી છે કે, મારી સરતપાસમાં કયા આરોપીએ કયા હથીયારથી માર મારેલ છે તે જણાવેલ નથી. એ વાત ખરી નથી કે, હીસ્ટ્રીમાં બનાવની તારીખ જણાવેલ નથી. એ વાત ખરી નથી કે, કાજરડી ગામના દર્દીને મે ખોટુ સારવાર સર્ટી આપેલુ. એ વાત ખરી છે કે, મારા વિરૂધ્ધ પોલીસ ફરીયાદ થયેલી.''

(૧૭).. વધુમાં ફરીયાદપક્ષે આંક– ૩૫ થી ત.ક.અ. જગદીશભાઇ ગાંગાભાઇ સોસા ને સોગંદ ઉપર તપાસેલા છે . તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, '' ગઈ તા.૧૭/૬/૨૦૨૩ના રોજ હુ પોલીસ હેડ કો. તરીકે ગીરગઢડા પો.સ્ટેશનમા ફરજ બજાવતો હતો. ત્યારે પી.એસ.ઓ. દવારા અમોને ડી.ઓ.નં.૧૭૧/૨૩ સોપવામા આવેલ જેથી અમો ડીઓના આધારે ઘેલાભાઈ નારણભાઈ વાજા તથા લક્ષ્મીબેન ઘેલાભાઈ વાજાનાઓ ગીરગઢ ડા સરાકારી દવાખાને સારવાર હેઠળ હોય અમો ત્યા દવાખાને ગયેલા તે વખતે તેઓને વધુ સારવાર માટે ઉના ખાતે આવેલ માનવદીપ સર્જીકલ હોસ્પીટલે રીફર કરવામા આવતા અમો માનવદીપ સર્જીકલ હોસ્પીટલ જઈ ઘેલાભાઈ નારણભાઈ વાજાનાઓએ અમોને ફરીયાદ નોંધાવવાનુ કહેતા અમોએ તેઓના લખાવ્યા મુજબની ફરીયાદ અમારા હસ્તાક્ષરમા લખી લઈ તે ફરીયાદમા ફરીયાદી તરીકે ઘેલાભાઈ નારણભાઈ વાજા ની સહી લીધેલી અને રૂબરૂ તરીકે અમોએ સહી કરેલી જે ડીઓ આંક–૩૬ થી રજુ કરેલ છે. ત્યારબાદ સદર ગુનાની ફરીયાદ રજીસ્ટર થવા સારુ અમોએ પી.એસ.ઓ.ને પરત સોપતા પી.એસ.ઓ.એ ગીરગ્રઢડા પો.સ્ટે.ગુ.ર.નં. ૪૬૦/૨૩ આઈપીસી કલમ ૩૨૫, ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની ક.૧૩૫ મુજબના ગુન્હાની ફરીયાદ નોંધાતા સદર ગુન્હાની તપાસ પી.એસ.ઓ. ના ઓ એ અમો તરફ મોકલી આપતા અમોએ તે સંભાળી લીધેલ. જે તપાસનો ડેપ્યુટ હુકમ આંક–૩૭ થી

રજુ કરેલ છે. અને ગુન્હાવાળી જગ્યા પર જઈ બે પંચો ની હાજરીમા પંચનામુ કરેલ જે આ કામે આંક ૧૫ થી રજુ છે. તે જ રીતે મે આરોપી પાસેથી પંચો ની હાજરીમા હથિયાર કબ્જે કરેલા જે પંચનામુ સદર કામે આંક ૧૮ થી રજુ છે. જેમા મારી સહી છે અને મારી રૂબરૂ મા બે પંચો ની સહી ઓ છે. તપાસના કામે મે મ્હે. જીલ્લા મેજી. સાહેબનુ જાહેરનામુ મેળવી ચાર્જશીટ મા સામેલ રાખેલ જે આંક–૩૮ થી રજુ કરેલ છે. ત્યારબાદ અમોએ ઈજા પામનાર ઘેલાભાઈ નારણભાઈ તથા લક્ષ્મીબેન ઘેલાભાઈનાઓનું સારવાર સર્ટી મેળવી તપાસના કામે સામેલ રાખેલ તેમજ ઈજા પામનાર ફરીયાદી તથા સાહેદ લક્ષ્મીબેનનુ શરીરસ્થિતિનું પંચનામું કરેલ જે પંચનામુ આ કામે આંક – ૨૪ થી રજુ છે. તેમજ આરોપીઓને અટક કરી સમય મર્યાદામા નામ.કોર્ટમા રજુ રાખેલ અને તપાસના કાગળોનો અભ્યાસ કરતા આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય તપાસના અંતે નામદાર અદાલતમા ચાર્જશીટ કરેલ. આરોપીઓને જોયે ઓળખુ છુ, આરોપીઓ આજરોજ નામ.કોર્ટમા હાજર છે તે જ છે. ''

પરંતુ બચાવ પક્ષ દવારા કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવે છે કે, '' એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યા વાડી વિસ્તાર છે અને ત્યાં માણસોની અવરજવર રહે છે. એ વાત ખરી છે કે બનાવ સ્થળે જવાનો રસ્તો કાચો અને ખાડા–ખબડા વાળો છે. એ વાત ખરી છે કે કોઈ વ્યકિત નશો કરીને આવા રસ્તા પર વાહન ચલાવે તો પડવાની શકયતા છે. એ વાત ખરી છે કે ફરીયાદી ઘેલાભાઈ નારણભાઈ વિરુધ અગાઉ પ્રોહી ના ગુના નોંધાયેલા છે. એ વાત ખરી છે કે મે આ કામે સ્વતંત્ર સાહેદોના નીવેદનો લીધેલ નથી. એ વાત ખરી નથી કે મે સ્થળ રોજકામ પો.સ્ટે.મા બેસીને તૈયાર કરી પંચો ની સહીઓ લીધેલ છે. એ વાત ખરી નથી કે મે કોઈ મુદામાલ કબ્જે કરેલ નથી. એ વાત ખરી નથી કે મે ફરીયાદ ને અનુરૂપ સાહેદોના નીવેદનો મારી રીતે નોં

ધી લીધેલ. એ વાત ખરી નથી કે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોવા છતા ખોટુ ચાર્જશીટ કરેલ છે.''

(૧૮) ફરીયાદપક્ષે ગુનો પુરવાર કરવા માટે નીચે મુજબના આવશ્યક તત્વો પુરવાર કરવા જોઈએ.

**<u>કલમ–૩૨૪</u> :–**

ભારતીય ફોજદારી ધારાની કલમ ૩૨૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનાને સાબિત કરવા ફરીયાદ પક્ષે નીચે મુજબની બાબતો સાબીત કરવી જરૂરી છે.

૧. આરોપીએ ભોગબનનારને શારીરિક પીડા, રોગ અથવા અશકિત નિપજાવી છે.

૨. આવી ઈજા આરોપીએ ઈરાદાથી/સ્વેચ્છાપૂર્વક નિપજાવી છે.

૩. આ ઈજા મૃત્યુ નિપજવા સંભવ છે તેવા આક્રમક સાધન વડે કરવામાં આવી છે.

**<u>કલમ–૩૨૩</u> :–**

ભારતીય ફોજદારી ધારાની કલમ ૩૨૩ મુજબનો સ્વેચ્છાપૂર્વક વ્યથા કરવાના શિક્ષાપાત્ર ગુનાને સાબિત કરવા ફરીયાદપક્ષે નીચે મુજબની બાબતો સાબીત કરવી જરૂરી છે.

૧. આરોપીએ શારીરિક પીડા, રોગ અથવા અશકિત નિપજાવ્યા.

૨. આવું કૃત્ય આરોપીએ ઈરાદા કે જ્ઞાન સાથે સ્વેચ્છાપૂર્વક કરેલ છે.

**<u>કલમ–૩૨૫</u> :–**

ભારતીય ફોજદારી ધારાની કલમ ૩૨૫ મુજબનો સ્વેચ્છાપૂર્વક મહાવ્યથા કરવાના શિક્ષાપાત્ર ગુનાને સાબિત કરવા ફરીયાદ પક્ષે નીચે મુજબની બાબતો સાબીત કરવી જરૂરી છે.

૧. આરોપીએ કોઈને મહાવ્યથા કરેલ છે.

૨. આરોપીએ આ કૃત્ય સ્વેચ્છાએ કરેલ છે.

**<u>કલમ–૫૦૪</u> :–**

ભારતીય ફોજદારી ધારાની કલમ ૫૦૪ મુજબનો સુલેહનો ભંગ કરવા ઉશ્કેરવા માટે ઈરાદાપૂર્વક અપમાન કરવાના શિક્ષાપાત્ર ગુનાને સાબિત કરવા ફરીયાદ પક્ષે નીચે મુજબની બાબતો સાબીત કરવી જરૂરી છે.

૧. આરોપીએ ઈરાદાપૂર્વક કોઈનું અપમાન કર્યુ.

૨. તેમ કરી આરોપી તેને ઉશ્કેરવા માગતી હતી.

૩. આરોપી જાણતી હતો કે તેમ થવાથી તે વ્યકિત જાહેર સુલેહ શાંતિનો ભંગ કરશે અથવા ગુનો કરી બેસશે.

**<u>કલમ–૫૦૬(૨) :–</u>**

ભારતીય ફોજદારી ધારાની કલમ ૫૦૬(૨) મુજબનો ગુન્હાહીત ધમકીના શિક્ષાપાત્ર ગુનાને સાબિત કરવા ફરીયાદપક્ષે નીચે મુજબની બાબતો સાબીત કરવી જરૂરી છે.

૧. આરોપીએ ફરીયાદીને ધમકી આપેલી.

૨. તે ધમકી મૃત્યુ નિપજાવવાની હતી.

૩. આવી ધમકી તેણે કરવાના કાયદેસરના કાર્યને ન કરવા કે કાર્યલોપ માટે આપવામાં આવેલ હતી.

**<u>ઈ.પી.કો કલમ ૧૧૪ :–</u>**

૧. મુખ્ય ગુનો બન્યો હોવો જોઈએ એટલે કે જે ગુન્હાની મદદગારી કરવામાં આવી હોય તે ગુન્હો બન્યો હોવો જોઈએ.

૨. તે મુખ્ય ગુન્હામાં મદદગારે મદદગારી કરી હોવી જોઈએ.

૩. ગુન્હો બને ત્યારે મદદગારની હાજરી ત્યાં હોવો જોઈએ.

૪. અથવા આવો મદદગાર ગેરહાજર હોય તો તેની જવાબદારી નિશ્ચિત થાય તેવી મદદગારી તેણે કરી હોવી જોઈએ.

૫. ગુન્હો બનતા પહેલા તથા ગુન્હો બને ત્યારે મદદગારે મદદગારી કરી હોવી જોઈએ.

**<u>જી.પી.એકટ કલમ ૧૩૫ :–</u>**

૧. બનાવ સમયે કથીત હથીયારબંધીનું જાહેરનામું અસ્તિત્વમાં હતું.

૨. હથીયાર બંધીનું જાહેરનામાનું યોગ્ય પ્રકાશન થયેલું.

૩. બનાવ વખતે આરોપીએ હથીયાર ધારણ કરી હથીયારબંધીનાં જાહેરનામાનો ભંગ કરેલ છે.

(૧૯) હવે, સૌપ્રથમ ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત મુજબ આરોપીના ગુન્હાને શંકાથી પર પુરવાર કરવા અંગેનો બોજ સીધી રીતે ફરીયાદપક્ષ પર રહેલ છે અને જયાં સુધી ફરીયાદપક્ષ આરોપીને નિ:શંકપણે દોષિત પુરવાર કરી શકે નહી ત્યાં સુધી આરોપીને નિર્દોષ માનવામા આવે છે. આ ઉપરાંત ફરીયાદપક્ષ તમામ વ્યાજબી શંકાથી પર પોતાનો કેસ સ્થાપિત કરવા માટે બંધાયેલ છે. કાયદા દવારા ખાસ જોગવાઈ કરવામા આવેલ હોય તેવા સંજોગો સિવાય પુરાવાનો ભાર કદાપિ આરોપી પર લાદવામા આવતો નથી. વધુમાં કોઈપણ નિષ્કર્ષ પર દોરી જતા પુરાવાઓના વિગતવાર મુલ્યાંકનમાં ઉંડાણપુર્વક ઉતરતા અગાઉ ભારતીય ન્યાયપ્રણાલિકાના પાયાના સિધ્ધાંતોને ફરીથી પુષ્ટી આપવી હિતાવહ છે અને તે મુજબ જયાં સુધી અન્યથા પુરવાર ન થાય ત્યાં સુધી આરોપીના નિર્દોષતાની ધારણા, ગુન્હાના દરેક તત્વોને સાબિત કરવા માટે ફરીયાદપક્ષ પર કેસ પુરવાર કરવા અંગેનો ભાર તથા અદાલતની ન્યાય પ્રત્યેની પ્રતિબધ્ધતા તથા નિષ્પક્ષતા અતિ મુલ્યવાન સિધ્ધાંતો ધ્યાને લઈ બંન્ને પક્ષકારોની તમામ રજુઆતો નજર સમક્ષ રાખી નીચે મુજબ પુરાવાઓની છણાવટ કરવામા આવેલ છે.

(૨૦) સૌપ્રથમ, નામદાર સર્વોચ્ચ અદાલત દવારા **Sharad Birdhichand Sarda v. State of Maharashtra (1984 AIR 1622)** ના ચુકાદામા ઠરાવેલ છે કે, "in cases relying on circumstantial and direct evidence, the chain of circumstances must be complete, pointing unerringly to the guilt of the accused, excluding any hypothesis of innocence."

(૨૧) આ કામના આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ – ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબના ગુન્હા આચરેલ હોવાનો આરોપ છે. સૌપ્રથમ આંક–૧૧ વાળી ફરીયાદીની સરતપાસ ફરીયાદ હકિકતને સમર્થન આપતી હોવાનુ જણાઈ આવેલ છે તથા તેઓની ઉલટતપાસમાં તેઓએ દારૂ પીવાની ટેવ ધરાવતા હોવાની સ્પષ્ટપણે કબુલાત કરેલ છે પરંતુ એફ.આઈ.આર. સાથે સુસંગતતા જાળવી રાખતાં બનાવ સમયે તેઓ નશા તળે હોવાનુ કે આકસ્મીક રીતે પડી જતા ઈજા થયેલાનુ ઈન્કારેલ છે. ફરીયાદીની જુબાની વિશ્વસનીયતા ધરાવતી નથી કારણ કે, આ કામના ત.ક.અ. દવારા તેમની ઉલટતપાસ દરમ્યાન હાલના ફરીયાદી વિરૂધ્ધ દારૂ અંગેના કેસો નોં ધાયેલાનુ સ્પષ્ટપણે સ્વીકારાયેલ છે. વધુમાં ફરીયાદી પોતે ઈજા પામનાર સાહેદ પણ છે, જેની ઘટનાસ્થળે ઉપસ્થિતી કુદરતી છે પરંતુ તેને ફરીયાદીની દારૂ પીવાની ટેવ તથા બનાવસ્થળે ઉબડખાબડ રસ્તો હોય અને ફરીયાદી તથા તેમના પત્ની બાઈક પર જતા હોય બાઈક પરથી પડી જતા હાલનો બનાવ બનવા પામેલ હોવાની શકયતા દર્શાવી પડકારાયેલ છે ત્યારે આ તબકકે નામદાર સર્વોચ્ચ અદાલત દવારા **State Of Uttar Pradesh Versus Naresh 2011 (0) AIJEL-SC 49537** ના ચુકાદામા ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને લેતાં "The evidence of an injured witness must be given due weightage being a stamped witness, thus, his presence cannot be doubted. His statement is generally considered to be very reliable and it is unlikely that he has spared the actual assailant in order to falsely implicate someone else. The testimony of an injured witness has its own relevancy and efficacy as he has sustained injuries at the time and place of occurrence and this lends support to his testimony that he was present during the occurrence. Thus, the testimony of an injured witness is accorded a special status in law. The witness would not like or want to let his actual assailant go

unpunished merely to implicate a third person falsely for the commission of the offence. Thus, the evidence of the injured witness should be relied upon unless there are grounds for the rejection of his evidence on the basis of major contradictions and discrepancies therein."

(૨૨) હાલના કેસના સંજોગો આધારે સદર સિધ્ધાંત હાલના કેસમા લાગુ પડે છે, કારણ કે, આરોપીપક્ષ દવારા ફરીયાદીને તેઓ દારૂના નશા તળે હોવાના કારણે પડી જવાથી ઈજા થયેલાનો જે બચાવ લેવામા આવેલ છે તે જો દલીલ ખાતર પણ માની લેવામાં આવે તો આંક–૨૦ વાળા સાહેદ – લક્ષ્મીબેન કે જેઓ ફરીયાદીના પત્નિ થાય છે તેઓને પણ બનાવમા તેમના પતિને છોડાવવા જતા આરોપીઓ દવારા લાકડી વડે માર મારી ઈજા કરેલાનુ જણાવવામા આવેલ છે તથા હાલના સાહેદ તથા ફરીયાદી બંન્નેએ ઉલટતપાસમાં આરોપીની જમીનની બાજુમા તેઓની જમીન આવેલાનુ અને અગાઉ તેઓ વચ્ચે વિવાદો હોવાનુ પણ સ્વીકારેલ છે પરંતુ તેમના પતિ સાથે વાડીએ જતા હોય તે દરમ્યાન ગાડી સ્લીપ થઈ જતા તેઓ બંન્ને પડી જવાથી ઈજા થયેલાનુ અને ફરીયાદમા જણાવ્યા મુજબનો કોઈ બનાવ બનવા જ પામેલ ન હોવાનુ સ્પષ્ટપણે ઈન્કારેલ છે પરંતુ આ કામે ત.ક.અ.–જગદીશભાઈ ગાંગાભાઈ સોસાની આંક–૩૫ ની જુબાની ધ્યાને લેતા તેઓએ તેમની ઉલટતપાસમા બનાવ સ્થળે જવાનો રસ્તો કાચો અને ખાડા–ખબડાવાળો હોવાનુ તથા કોઈ વયકિત નશો કરીને આવા રસ્તા પર વાહન ચલાવે તો પડવાની શકયતા હોવાનુ તથા ફરીયાદી–ઘેલાભાઈ વિરૂઘ્ધ અગાઉ પ્રોહી. ના ગુના નોંધાયેલાનુ તેઓએ સ્વીકારેલ છે ત્યારે ફરીયાદી અને હાલના સાહેદ પણ બનાવમા ઈજા પામનાર સાહેદ તરીકે હોય ફરીયાદપક્ષને સમર્થન આપતા હોવાનુ જણાઈ આવેલ છે પરંતુ ત.ક.અ.ની જુબાની આધારે આ કામના ફરીયાદી વિરૂઘ્ધ દારૂ અંગેના કેસો નોંધાયેલાનુ સ્પષ્ટ છે અને વધુમાં ત.ક.અ. દવારા સ્વતંત્ર સાહેદોના

નિવેદનો નોંધેલ ન હોવાનુ પણ સ્વીકારવામા આવેલ હોય ત્યારે અગાઉ કરવામા આવેલ ચર્ચા અનુસાર આ કામના આરોપીઓ અને ફરીયાદી તથા ઈજા પામનાર સાહેદ વચ્ચે અગાઉથી મનદુખ ચાલ્યુ આવતુ હોય જે સં જોગોમા આરોપીપક્ષ દવારા લેવામા આવેલ ઉપરોકત બચાવ ઉપરોકત ચર્ચાને ઘ્યાને રાખતા ગ્રાહય રાખવાપાત્ર ન હોવાનુ સ્પષ્ટપણે ફલિત થાય છે.

(૨૩) આ ઉપરાંત હાલના કામે ડોકટર સાહેદ દવારા રજુ રાખવામા આવેલ પુરાવો ઘ્યાને લેતા તેઓએ તેમની આંક: ૨૮ ની જુબાનીમા જણાવેલ છે કે, તારીખ : ૧૭.૦૬.૨૦૨૩ ના રોજ સવારના ૦૯:૦૦ વાગ્યે એટલે કે, બનાવના દિવસે તેઓ તેમની ફરજ પર હતા તે દરમ્યાન આ કામના ફરીયાદી તેઓની પાસે આવેલા અને તેમને મારામારીમા ઈજા થયેલાનુ જણાવેલ તથા દરદીને તપાસતા તેઓને ડાબા પગમા ઘુંટણથી નીચે તથા ડાબા ખભાના ભાગે છોલાયેલ હોવાની ઈજા તથા કોણીના સાંધાના ભાગે અડતા દુખાવો થતો હોવાનુ તથા ખભા તથા કોણીના ભાગ સુધી હલન–ચલન દુખાવાના લીધે ઓછી થઈ ગયેલાનુ અને ફ્રેકચર હોવાની શકયતા હોવાનુ જણાતા અન્ય જગ્યાએ રીફર કરેલાનુ જણાવેલ છે. આ ઉપરાં ત સાહેદ–લક્ષ્મીબેનને તપાસતા તેઓને જમણી બાજુ માથાના ભાગે ૨ સ ે.મી. કુટ પડી ગયેલાનુ તથા ડાબી બાજુ થાપાના ભાગે અડવાથી દુખાવો થતો હોવાનુ જણાવેલ છે તથા વધુમાં સદર બંન્ને દરદીઓને થયેલ ઈજાઓ તીક્ષ્ણ હથિયાર તથા બોથડ પદાર્થ સાથે અથડાવાથી થઈ શકે તેવી હોવાનુ જણાવેલ છે. વધુમાં સદર સાહેદે તેઓની ઉલટતપાસમાં તમામ ઈજાઓ સાદા પ્રકારની હોવાનુ નકારેલ છે. આ ઉપરાંત હાલના કામે અન્ય ડોકટર સાહેદ–રસીકભાઈ મગનભાઈ વઘાસીયાએ તેઓની આં ક–૩૨ ની જુબાનીમાં ઉપરોકત બંન્ને દરદીઓ તેઓની પાસે તારીખ : ૧ ૭.૦૬.૨૦૨૩ ના રોજ સવારના ૧૧:૦૦ વાગ્યાની આસપાસ આવેલાનુ

અને દરદી–ઘેલાભાઈને તપાસતા તેઓને જમણી બાજુના કોણી અને હાથના ઉપરના ભાગે સોજો હોવાનુ તથા દુખાવો હોવાનુ અને કોણીના સાંધાની મુવમેન્ટ બંધ હોવાનુ તથા દબાવવાથી કરકસ અવાજ આવતો હોવાનુ તથા જે અંદરના હાડકાનુ ફ્રેકચર હોઈ શકે તેમ જણાવેલ છે તથા વધુમાં દરદીને ૪×૨ સેમી નો વાસા પર મુઢમાર હોવાનુ પણ જણાવેલ છે. વધુમાં તેઓએ દરદી–લક્ષ્મીબેનને માથાના ડાબા ભાગ પર છુંદાયેલો કપાયેલો ઘા ૧૦×૩×૨ સેમી નો જોવા મળેલાનુ અને ઘા માથી લોહી નીકળતુ હોવાનુ તથા ૫×૩ સેમી નુ મુઢમાર જમણી બાજુના ખભાના પાછળની ભાગે જોવા મળેલાનુ જણાવેલ છે. આમ,ઉપરોકત બંન્ને ડોકટર સાહેદોની જુબાની ધ્યાને લેતાં આંક–૨૮ વાળા <u>**ડોકટર સાહેદ–નિહારીકાબેન**</u> દવારા <u>**ફરીયાદી–ઘેલાભાઈને ડાબા પગમા તથા ડાબા ખભા તથા કોણીમા**</u> ઈજા થયેલાનુ જણાવવામા આવેલ છે અને તેઓ દવારા આપવામા આવેલ આંક–૨૯ વાળા સારવાર પ્રમાણપત્રમાં પણ તેઓએ શરીરના ડાબા ભાગે ઈજાઓ થયેલાનુ જણાવેલ છે જયારે આંક–૩૨ વાળા <u>**ડોકટર સાહેદ–રસીકભાઈએ**</u> ફરીયાદીને થયેલ ઈજાઓ <u>**જમણી બાજુની કોણી અને હાથમા**</u> ઈજાઓ થયેલાનુ અને વાસામા મુઢમાર હોવાનુ જણાવેલ છે અને આંક–૩૩ વાળા સારવાર પ્રમાણપત્રમા પણ તેઓએ દરદીના શરીરના જમણા ભાગમા ઈજા થયેલાનુ જણાવેલ છે. આમ, <u>**સદર બંન્ને ડોકટર સાહેદ દવારા એક જ દરદીને થયેલ ઈજાઓ શરીરના જુદાજુદા ભાગમા એટલે કે, આંક–૨૮ વાળા ડોકટર સાહેદે ફરીયાદી–ઘેલાભાઈને શરીરના ડાબા ભાગમા ઈજા થયેલાનુ જયારે આંક–૩૨ વાળા ડોકટર સાહેદે તે જ દરદીને શરીરના જમણા ભાગમા ઈજા થયેલાનુ જણાવેલ છે.**</u> તેવી જ રીતે હાલના કામે અન્ય ઈજા પામનાર <u>**સાહેદ–લક્ષ્મીબેનને**</u> થયેલ ઈજાઓ <u>**ડોકટર–નિહારીકાબેન**</u> દવારા <u>**જમણી**</u>

**<u>બાજુના માથાના ભાગે તથા ડાબી બાજુના થાપાના ભાગે</u>** દર્શાવેલ છે જયારે **<u>ડોકટર–રસીકભાઈ</u>** દવારા સદર દરદીને થયેલ ઈજાઓ **<u>માથાના ડાબા ભાગે થયેલાનુ જણાવેલ છે.</u>** આમ, ઉપરોકત બંન્ને ડોકટર સાહેદો દવારા આ કામે ઈજા પામનાર બંન્ને દરદીઓ એટલે કે, ફરીયાદી–ઘેલાભાઈ તથા તેમના પત્ની સાહેદ–લક્ષ્મીબેનને થયેલ ઈજાઓ શરીરના અલગ–અલગ ભાગ પર વિરોધાભાસી દર્શાવેલ છે. વધુમાં આ કામના ડોકટર સાહેદ પૈકી આંક–૩૨ વાળા ડોકટર સાહેદ–ડોકટર રસીકભાઈની ઉલટતપાસમા તેઓએ કાજરડી ગામના દર્દીને તેઓએ ખોટુ સારવાર સર્ટીફીકેટ આપેલાનુ નકારેલ છે પરંતુ તેમના વિરૂધ્ધ પોલીસ ફરીયાદ થયેલાનુ સ્પષ્ટપણે સ્વીકારેલ છે અને તેવા સંજોગોમાં ઉપરોકત બાબત ધ્યાને લેતાં એ હકિકત સ્પષ્ટ છે કે, ઈજાઓ સાથે સંકળાયેલ ફોજદારી કેસોમાં તબીબી પુરાવાઓ મહત્વપુર્ણ અને ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી ભુમિકા ભજવતા હોય છે પરંતુ હાલના કેસમા તો તબીબી પુરાવાઓ પોતે જ વિરોધાભાસી અને અવિશ્વસનીય છે અને સદર વિરોધાભાસ મહત્વનો વિરોધાભાસ છે અને ફરીયાદપક્ષના કેસના મુળ સુધી અસરકર્તા છે અને જયારે બે સારવાર આપનાર તબીબો દવારા જ શરીરના કયા ભાગ પર આરોપીઓ દવારા ઈજાઓ પહોચાડવામા આવેલ હોવા બાબતે સંમત થતા ન હોય ત્યારે અદાલત દવારા સદર બંન્ને સાહેદોની જુબાનીઓ તથા પ્રમાણપત્રો પર આધાર રાખવો અશકય જણાઈ આવેલ છે તેવા સંજોગોમા પણ ફરીયાદપક્ષ હાલનો કેસ સંતોષકારક પુરવાર કરી શકેલ ન હોવાનુ મારૂ સ્પષ્ટપણે માનવાનુ થાય છે. વધુમાં ઉપરોકત સંજોગોમા એકમાત્ર અનિવાર્ય નિષ્કર્ષ એવો કાઢી શકાય કે, **<u>ઉપરોકત બંન્ને ડોકટર સાહેદો પૈકી કોઈપણ એક સાહેદ દવારા આપવામા આવેલ સારવાર પ્રમાણપત્ર ખોટુ આપવામા આવેલ હોવાનુ માનવાને કારણ રહે છે અને જે એક અત્યંત ગંભીર બાબત છે તથા ફરીયાદપક્ષે સદર</u>**

<u>વિરોધાભાસનો કોઈ ખુલાસો થાય તેવો કોઈ પ્રયત્ન હાથ ધરેલ નથી.</u> વધુમાં સદર હકિકત ફરીયાદપક્ષના કેસને ઘાતક નુકશાન કરતી હોવાનુ પણ મારૂ નમ્રપણે માનવાનુ થાય છે. આમ, ઉપરોકત ચર્ચાના અંતે બંન્ને ડોકટરશ્રીઓ દવારા રજુ રાખવામા આવેલ પ્રમાણપત્રો અને તેઓની સોગંદ પરની અદાલત સમક્ષની જુબાનીનુ માત્ર અવલોકન કરતા ઈજાઓના સ્થાન અંગે એક સ્પષ્ટ વિરોધાભાસ ઉભો થાય છે ત્યારે તમામ તબીબી પુરાવાઓ સંપુર્ણપણે ક્ષતિગ્રસ્ત હોવાનુ અને તમામ સંભવિત મુલ્ય ગુમાવતા હોવાનુ પણ સ્પષ્ટપણે જણાઈ આવેલ છે તેવા સંજોગોમા પણ આરોપીઓ વિરૂધ્ધનો હાલનો કેસ ફરીયાદપક્ષ સંતોષકારક રીતે પુરવાર કરવામા નિષ્ફળ નિવેલાનુ મારૂ સ્પષ્ટ માનવાનુ થાય છે.

(૨૪) આ ઉપરાંત આંક–૧૪,૧૬,૧૭,૧૯,૨૩ તથા આંક–૨૫ વાળા પંચ સાહેદો દવારા ફરીયાદપક્ષને સમર્થનકારી પુરાવો રજુ રાખવામા આવેલ નથી અને તેઓને હોસ્ટાઈલ જાહેર કરવામા આવેલ છે. વધુમાં સદર તમામ પંચો દવારા તેમની ઉલટતપાસમા પોલીસે તેમની તૈયાર પંચનામામા સહીઓ લીધેલાનુ અને પંચનામા વિશે કશુ જાણતા ન હોવાનુ સ્વીકારેલ છે ત્યારે ફરીયાદપક્ષ પંચનામામા જણાવેલ હકિકતો પુરવાર કરી શકવામા નિષ્ફળ રહેલાનુ સ્પષ્ટ છે.

(૨૫) વધુમાં આંક–૨૧ વાળા સાહેદ–સાંકળુબેન મુકેશભાઈ વાજાએ તેમની સરતપાસમા ફરીયાદીએ બનાવની કોઈ વાત તેઓને કરેલ ન હોવાનુ જણાવેલ છે ત્યારે તથા આંક–૨૨ વાળા સાહેદ–મંજુબેન નાનજીભાઈ દવારા ફરીયાદપક્ષને સમર્થનકારી પુરાવો રજુ રાખવામા આવેલ નથી અને તેઓને હોસ્ટાઈલ જાહેર કરવામા આવેલ છે. વધુમાં સદર સાહેદે બનાવ વિશે તેમને કોઈ જાતમાહિતી ન હોવાનુ અને બનાવ તેઓએ નજરે જોયેલ ન હોવાનુ પણ સ્વીકારેલ

છે ત્યારે ઉપરોકત તમામ સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધનો કેસ પુરવાર કરવામા નિષ્ફળ રહેલ હોવાનુ સ્પષ્ટપણે જણાઈ આવેલ છે.

(૨૬) વધુમાં હાલના ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો ઘ્યાને લેવામાં આવે તો, આ કામે આરોપીઓએ ચોકકસ શુ શબ્દો બોલેલ અથવા ચોકકસ કઈ ગાળો ફરીયાદીને કાઢેલ તે હકીકત ફરીયાદમાં કે તેઓની જુબાનીમાં તથા અન્ય સાહેદોની જુબાનીમાં પણ જણાઈ આવતી નથી ત્યારે આ કામે ફરીયાદપક્ષ આરોપીઓ સામે ઈ.પી.કો.કલમ– ૫૦૪, ૫૦૬(૨) મુજબનો ગુનો પુરવાર કરવામાં સફળ થયેલ હોવાનુ મારૂ માનવુ નથી. વધુમાં ૨૦૦૭(૧) જી.એલ.એચ., ૩૩૭, પ્રવિણભાઈ બેચરભાઈ વણકર વિ. ગુજરાત રાજય માં નામદાર હાઈકોર્ટ દવારા ઠરાવવામાં આવેલ છે કે, ચોકકસ શબ્દ જણાવવા જોઈએ. જે આ કામે ફરીયાદપક્ષે જણાવેલ નથી તેવુ સમગ્ર પડેલ પુરાવાથી પુરવાર થાય છે.

(૨૭) આ કામે હથીયારબંધીના જાહેરનામા અંગે ધોરણસર પ્રસિધ્ધ થયેલાનો કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રેકર્ડ ઉપર રજુ થતો ન હોય, વધુમાં હાલના કામે પંચો પણ પંચનામાની હકીકતને સમર્થનકારી પુરાવો આપતા નથી. આ બધી વસ્તુનું જો એક સાથે મુલ્યાંકન કરવામાં આવે તો આ પંચનામાઓ પુરવાર થતાં નથી જેથી મહે.જી.મેજી.સા.નો હથીયાર બંધીનું જાહેરનામુ ભંગ થયેલુ માની ન શકાય. ત્યારે આરોપીએ આક્ષેપિત તહોમત મુજબ આરોપીઓએ હથિયાર ધારણ કરી ફરીયાદીને માર મારી જીલ્લા મેજી.શ્રીના હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરેલાનું સ્પષ્ટપણે ફલિત થતુ નથી.

(૨૮) આમ, ઉપરોકત હકીકતો ઘ્યાને લેતા એ સ્પષ્ટ થાય છે કે, આરોપીઓ વિરુધ્ધ એવો કોઈ પુરાવો રેકર્ડ પર આવતો નથી, જેથી એ પુરવાર થાય કે, આ કામના આરોપીઓએ ગઈ તા.૧૭/૦૬/૨૦૨૩ ના રોજ કલાક ૦૮:૦૦ વાગ્યાના સમયે આંકોલાલી ગામે ધોળા નામની સીમ વાડીમાં આ કામના ફરીયાદીએ આરોપી નં.૧ રામજીભાઇ ને દવા છાંટવાનો પંપ આપેલ હોય

અને ફરીયાદી પંપ માંગવા જતા આરોપી નં.૧ રામજીભાઇ એકદમ ઉશ્કેરાઇ જઇ ફરીયાદીને ભુંડી ગાળો બોલી અને પંપ નથી આપવો તેમ કહી જપાજપી કરી ફરીયાદોને લાકડાના ધોકા વડે શરીરે આડેધડ માર મારી જમણા હાથની કોણીના ભાગે ફ્રેકચર જેવી ઇજા કરી તેમજ સાહેદ લક્ષ્મીબેન છોડાવવા વચ્ચે પડતા આરોપી નં.૧ રામજીભાઇ સાહેદને લાકડી વડે શરીરે તથા માથાના ભાગે ઘા મારી માથાના ભાગે સાતેક ટાંકા જેવી ઇજા કરી આરોપી નં.ર નાઓએ પણ તેની પાસેથી લાકડી વડે ફરીયાદી તથા સાહેદને શરીરે આડેધડ મુંઢ માર મારીને કહેલ કે હવે પછીથી પંપ માંગવા આવશો તો જાનથી મારી નાખીશ તેમ ધમકી આપી એકબીજાને મદદગારી કરી જિલ્લા મેજી.સાહેબના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી એકબીજાને મદદગારી કરી ગુન્હો કરી ઈ.પી. કોડની કલમ– ૩૨૫, ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે. આમ, જયારે આરોપી દવારા સદર ગુન્હો આચરવામા આવેલાનુ રેકર્ડ પરથી શંકાથી પર પુરવાર થઈ શકેલ નથી ત્યારે ઉપરોકત ચર્ચા કરેલ તમામ સંજોગોમા ઉપરોકત તમામ ચર્ચાના અંતે ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. આથી મુદ્દા નંબર– ૧ નો જવાબ નકારમાં આપું છુ અને ન્યાયના હિતમા મુદ્દા નંબર–ર નો જવાબ નીચે મુજબ આપુ છુ.

// <u>આ ખ રી હુ ક મ</u> //

- આ કામના આરોપી (૧) રામજીભાઇ કાળાભાઇ વાજા, (૨) શાંતુબેન વા/ઓ કાળાભાઇ દેવાભાઇ વાજા, રે.બન્ને આકોલાલી, તા.ગીરગઢડા, જિ.ગીરસોમનાથ નાઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ઇ.પી.કો.કલમ –૩૨૫, ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી પુરતા પુરાવાના અભાવે, નિર્દોષ ઠરાવી, છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
- જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, વેરાવળનાઓએ આંક–૨૯, ૩૦ તથા આંક–૩૩, ૩૪ વાળા તબીબી પ્રમાણપત્રોની સત્યતા અંગે ખરાઇ કરી દિન–૩૦ માં રીપોર્ટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

- સદર કામે મુદ્ધામાલ પાવતી નં.૫૧/૨૦૨૩ તથા મુદ્ધામાલ પાવતી નં.૫૨/૨૦૨૩ માં જણાવેલ મુદ્દામાલ લાકડી નો અપીલ સમય વિતે થી તેનો નીયમોનુસાર કાર્યવાહી કરી નીકાલ કરવા હુકમ કરવામાં આવે છે.
- આરોપીઓએ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૪૩૭(એ) મુજબ અપીલ સમય સુધીના પ્રત્યેક આરોપી દીઠ રૂા.૫,૦૦૦/– ના જામીન રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

સદરહું આદેશ આજ રોજ તારીખ ૦૬, માહે: એપ્રિલ, ૨૦૨૬ ના રોજ વાંચી સંભળાવી ખુલ્લી અદાલત મધ્યે જાહેર કર્યો.

તારીખ – ૦૬/૦૪/૨૦૨૬
સ્થળ – ગીરગઢડા

**(એચ.એમ.વૈષ્ણવ)**
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક.,
ગીરગઢડા
જજ કોડ નં.જીજે૦૧૫૩૦